zazi.com

By Mittal Patel “Mit”

# વેઈટીંગ લીસ્ટ.

એક શિયાળાની ઠંડી સવારે હું અને આશકા કાફેટેરીયામાં બ્રેકફાસ્ટ લેતાં હતાં ત્યારે એકટક બારીની બહાર જોઈ રહેલી આશકાને મેં તંદ્રાવસ્થામાંથી જગાડી ઠંડી થતી કોફી પીવા ટકોરી પુછયુ? ત્યાં શું જોઈ રહી છે? કઈ નહી ત્યાં એકલું ઝાડ ઉભું છે તેના ઉપરથી એક પછી એક પંખીઓ ઉડી ગયાં અને પહેલાં કરતાંય વધુ એકાંત દઈ ગયાં! અને મેં તરત જ એનો હાથ પકડી લીધો અને કહ્યું એવું કેમ કહે છે અમે બધા છીએને તારી જોડે!

આશકા હોસ્પીટલમાં psychiatry નાં rotation ની ઈન્ટર્નશીપ માટે જોડાઈ હતી ત્યારે મારે એને પહેલવહેલી વાર મળવાનું થયું હતું. એ પણ ગુજરાતી અને પાછી અમદાવાદની હોવાથી અમારે સારી એવી દોસ્તી થઈ ગઈ હતી. પાછળથી ઓળખાણ વધારે થતાં આશકા અને એનું ફેમીલી હવે અમારી કલીનીકમાં આવવા લાગ્યું હતું. એમાય ખાસ કરીને એના પપ્પાની હમણાં હમણાં તબિયત બગડી હતી તેથી મારે એમને મળવાનું વધી ગયું હતું.

આશકાના ઘરે પછી તો એકાદ બે વાર સોશીયલ વીઝીટ થઈ અને એના ફેમીલીના વધુને વધુ સંપર્કમાં આવતી ગઈ. આશકા બીલકુલ એની માતા વીણાબેન જેવી ખુબ જ લાગણીશીલ અને ઉંમર કરતાં વધુ સમજુ સ્વભાવની હતી જ્યારે એના પપ્પા એકદમ જ ઉગ્ર અને કઠીન સ્વભાવનાં હતાંઅને પોતાનું ધાર્યું ના થાય તો બીજાની જીંદગી લગભગ હરામ કરી શકે એ હદના જીદદી હતાં. મારે એ અંગે આશકા સાથે એકવાર માંડીને વાત પણ થઈ હતી. એને નકકી કરવાનું હતું કે પ્રી મેડીકલની પરિક્ષા આપવી કે નહી? અને એ અંગે એકવાર એ મને મળવા આવી હતી. વધુ વાત કરતાં જાણવા મળ્યું કે આશકાને મેડીકલ લાઈનમાં જવાની ખુબ જ ઈચ્છા હતી પણ એના પપ્પાના વિરોધ સામે એનું કઈ જ ચાલે તેમ નહોતું. ગૌતમભાઈ એકદમ જુનવાણી વિચારના હતાં. એમના મુજબ તો છોકરીઓને વળી શેનાં ચાળા? છોકરીઓએ તો સીધાસાદા બહુ લપ્પન છપ્પન કર્યા કરતાં લગન કરીને પોતાના ઘરે સ્થાયી જ થઈ જવાનું હોયને? પણ આશકાના દિલમાં ભણીને આગળ આવવાનાં ખુબ જ કોડ હતાં અને તેના માટે તો હજી એની ઉંમર પણ શું હતી? આ ઉંમરે જો એના લગ્ન થઈ જાય તો ભણીને આગળ

આવવાનાં સપના ચુર ચુર થઈ જાય! પણ એની વાત પરથી તો એના પપ્પાને તેનો જેમ બને એમ સબંધ બાંધી દેવો હતો એટલે બસ જાણે દિકરીને પરણાવવાની જવાબદારીમાંથી કેમ કરતાં વહેલો છુટકારો મળે!

આશકાનાં પપ્પા ગૌતમભાઈને હમણાં હમણાંથી પેટના દુખાવાની તકલીફ વધી ગઈ હતી. દિવસેને દિવસે એમની તબીયત લથડતી જતી હતી. અમારી ઓફિસે એમનાં પત્ની વીણાબેન સાથે ચેકઅપ કરવાં આવ્યા ત્યારે પણ શરીર થોડું નિર્બળ અને વજન ઉતર્યું હોય તેમ લાગ્યું. મે જરૂરી બ્લડવર્ક અને તપાસ શરૂ કરી ગૌતમભાઈને થોડો વધારે આરામ કરવાની સલાહ આપી તો તરત જ વાત વચ્ચેથી ઉડાવી દીધી અને વીણાબેન સામે જોઈને બોલી ઉઠયાં કે 'ના રે હોં ઘરે બેસવાનુંને એવું બધું આ બૈરા જાતને જ પોસાય એ બધું મનેતો તમારે કહેવું જ નહી? મને ખબર છે મને કશુંજ થવાનું નથી અને એકાદ બે દિવસમાં તો હું પાછો હતો એવોને એવો'. અને વીણાબેનની લાચાર નજરો મને કહી રહી હતી કે કોઈનું કહ્યું માનવું એતો એમના સ્વભાવમાં જ નથી! મે એમને ઈશારાથી ચુપ રહેવા સમજાવ્યું અને ગૌતમભાઈને અત્યારે શકય એટલો આરામ કરજો અને વધું આપણે તમારો રીપોર્ટ આવે પછી ફરીથી મળશું એમ સમજાવી ઘરે મોકલ્યાં. એમનાં ગયાં બાદ મેં ગૌતમભાઈનો ચાર્ટ રીવ્યું કરતાં કરતાં વિચાર્યુ કે ગૌતમભાઈની અશકત, નિસ્તેજ પીળી પડી ગયેલી આંખો,જાણે સાવ જ નૂર ઉડી ગયું હોય તેવો ફિકકો ચહેરો નકકી કોઈ ગંભીર બીમારીની ચાડી ખાતાં હતાં! અને તપાસનાં અંતે અનુમાન સાવ સાચું જ પડયું અને મારે આશકા અને ગૌતમભાઈને મારી ઓફિસમાં બોલાવવાં જ પડયાં! 'ગૌતમભાઈ તમારો લેબ રિપોર્ટ બતાવે છે કે તમને હીપેટાઈટીસ સીની બીમારી છે અને અલ્ટ્રા સાઉન્ડ મુજબ લીવરમાં સીરોસીસની પણ ખાસી એવી અસર થઈ છે!' અને આશકા અને ગૌતમભાઈ આવાક નજરે એકટસ મને જોઈ જ રહ્યાં. હીપેટાઈટીસ સી અંગે વધારે ઊંડાણમાં ચર્ચા કરી બંન્નેને વધારે માહિતી આપી. આશકાને એ પણ સમજાવ્યું કે વીણાબેની પણ ઉંડાણથી તપાસ કરવી પડશે. એકએક પળે એ બંન્નેના ચહેરા પર છવાયેલો ઉચાટ પળે પળે વધતો જતો હતો.ખાસ તો આશકા એમની એ બીમારીની ગંભીરતા તરત જ સમજી ગઈ હતી પણ ગૌતમભાઈ ખબર પડી હોવાં છતાંય પણ સાંભળ્યું ના સાંભળ્યું કરતાં હતાં! વધુ સવાલ જવાબોની આપલે બાદ ખબર પડી કે ગૌતમભાઈને નાના હતાં

ત્યારે એકાદ બે બ્લડનાં બાટલાં ચઢાંવવાં પડયાં હતાં અને શકયતાં હતી કે એમાંથી જ ગૌતમભાઈ આ ગંભીર બીમારીનો ભોગ બન્યાં હતાં. અને બીજા ઘણા બધાં કેસોમાં થાય છે તેમ જ બન્યું ગૌતમભાઈ એકદમ નિદાન થયેલા આ રોગને સહેલાઈથી સ્વીકારી શકયાં નહી. અને જરા જરા વાતમાં હવે બધા પર ચીઢાવવા લાગ્યાં,અને મારા જેવાને વળી શું થવાનું હતું એમને એમ જીદે ચડીને શરીરનું જરાય ધ્યાન રાખતાં નહી.

ગૌતમભાઈને તાત્કાલીક લીવર સ્પેશીયાલીસ્ટ પાસે વધું તપાસ અને સારવાર અંગે મોકલવાંમાં આવ્યાં અને લીવર બાયોપ્સી જેવી છેલ્લી અને નિદાન સુચક, સૌથી જરૂરી ટેસ્ટ બાદ નિદાન કરવાંમાં આવ્યું કે ગૌતમભાઈને લીવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડશે. અને એમનું નામ સ્ટેનફર્ડ હોસ્પીટલનાં પેશંટોનાં વેઈટીંગ લીસ્ટમાં મુકવામાં આવ્યુ! એકબાજું ગૌતમભાઈની વધતી જતી બીમારી અને અશકિતએ એમને એમની જોબ પરથી ડીસએબીલીટી લીવ લેવા માટે મજબુર કર્યો હતાં અને હવે તો જાત સાથે લડી લડીને એય પણ થાકી ગયા હતાં! શરીર બહું સાથ આપતું નહી અને નજીવા પરિશ્રમથી પણ હાંફી જતાં. હવે એમને ધીરે ધીરે સમજાતું હતું કે જીવનમાં બધેજ આપણી જીદ ચાલતી નથી અને કયાંક તો કોઈક રીતે આપણે નમતું જોખવું પડે છે! પણ હજી સુધી એ કોઈનીય પણ આગળ એ સ્વીકારી પોતાની હાર માનવા તૈયાર નહોતાં. એમ હું નમતું જોખું તો હું હું ના કહેવાઉ? એ એમનું હજી હું પણું નહોતું જતું. બસ થોડા દિવસોમાંજ મને લીવર ડોનર મળી જશે અને પાછો હું હું જ થઈ જઈશ એમને એમ જાતને ટકોર્યા આપ્યાં કરતાં! મજબુરી અને લાચારી તો વળી મારી ડીકશનેરીમાં જ ના હોય!

ગૌતમભાઈને હવેતો ડીસએબીલીટી લીવ લીધે ત્રણ ચાર મહિના થઈ ગયાં હતાં અને કેટલીય વાર જોબ પર જઈ શરીરે સાથ ના આપ્યો હોવાથી પાછા આવવું પડયું હતું. હજી હોસ્પીટલમાંથી લીવર ડોનરનાં કોઈ અણસાર નહતાં. એમની ખરી કસોટી તો ત્યારે થઈ કે જ્યારે છેલ્લી વાર હોસ્પીટલમાં લીવર સ્પેશીયાલીસ્ટને બતાવવાં ગયાં હતાં ત્યારે બહાર વેઈટીંગ રૂમમાં આશકા સાથે બેઠા હતાં ત્યારે જ બાજુના કોઈ પેશંટે એટલી તો ધમાલ મચાવી હતી કે કોઈનો રોકયો રોકાય એમ નહોતો! લાગતું હતું કે એણે બરાબર આલ્કોહોલ પીધો હતો અને જાત પર કાબુ ગુમાવી દેવાથી જેમ ફાવે તેમ બોલી કાબુ બહારનું તોફાન કરવા પર તુલ્યો હતો.છેવટે એના

ઘરનાં સભ્યો સંકોચ અને હમદર્દી મિશ્રીત લાગણીઓ વચ્ચે ઝોલા ખાતા એને સંભાળીને બહાર લઈ ગયાં અને એવામાંજ એક ફ્રન્ટ ડેસ્ક સેક્રેટરી બોલી ‘There is a limit to everything! First you ruin your liver on your own by drinking alcohol and now you make other genuine patient wait for liver transplant just because that slow poision is killing you but why do others have to suffer because of your wrong doing? They could have been helped sooner if you didn't drink alcohol? ઘરે જતાં પહેલાંજ ગૌતમભાઈ અને આશકાને ખબર પડી કે એ પેશંટનુ નામ પણ લીવર ટ્રાન્સપ્લાન્ટ લીસ્ટમાં ગૌતમભાઈથી એક નંબરથી આગળ હતું! અને ગૌતમભાઈ સમસમીને રહી ગયાં અને ત્યારે જ પેલી સેક્રેટરીના કથનમાં રહેલા કટાક્ષમાં કેટલી ભારોભાર સચ્ચાઈ હતી ત્યારે જ સમજાયું જ્યારે એમને એ વાત સો એ સો ટકા લાગતી વળગતી હતી!

હજી સુધી લીવર ડોનર મળતા વાર લાગે તેમ હતી અને ગૌતમભાઈ હવે અંદરથી તો અંદરથી પણ બહારથી પણ તુટવા લાગ્યાં હતાં. અને હવે એ ગભરાટ એમના મોઢાં પર સાફ દેખાઈ આવતો હતો. એવામાં બીજા કે ત્રીજા દિવસે ગૌતમભાઈ અચાનક જ બેભાન થઈ ગયાં અને હોસ્પીટલમાં દાખલ કરવાં પડયાં. તાત્કાલીક સારવારથી ભાનમાં તો આવી ગયાં પણ એમને હવે એક ડર પેસી ગયો હતો કે આમને આમ લીવર માટે વેઈટ કરતાં કરતાં ના કરે નારાયણ બહુ મોડું ના થઈ જાય! એમનાં માટે ઘરેથી ટિફિન લઈને આવેલી આશકાને પાસે બોલાવી એમની હોસ્પીટલની પથારી પર બેસાડી માથે હાથ ફેરવતાં કહ્યું ‘જો બેટા મેં જીવનમાં હંમેશા મારૂં ધાર્યુંજ કર્યું છે અને કદી બીજાને સમજવાની કોશીશ નથી કરી! આજે જ્યારે મારી આવતીકાલ જ્યારે મને બહું ધુંધળી લાગે છે ત્યારે મને મારા દિલની વાત તને કહી જ દેવા દે! તારી સાથે મેં ઘણો અન્યાય કર્યો છે અને તારી કોઈ પણ ઈચ્છાને માન આપવાં કરતાં મારો સ્વાર્થ જ જોયો છે અને તેથી હવે મોડાં મોડાય પણ હું તને મારાં અંતરના આર્શિવાદ આપું છુંકે મારી જરાય ચીંતા કર્યા કરતાં તુ તારા ભણવામાં લાગી જા અને ડોકટર બની અમારાં જેવા કેટલાય દર્દીને મદદ કરીશ તો એમની સાથે સાથે મારી પણ આંતરડી ઠરશે અને કાલે જો મોતને ભેટવાનું આવે તો મારા મનમાં કોઈજ વસવસો ના રહી જાય!’ અને આશકા એના પપ્પાને વળગી ચોધાર આંસુએ

રડી પડી. વીણાબેને રૂમનાં ખુણામાં બેસી આ વાર્તાલાપ સાંભળી તરત જ બારી સામે નજર કરી અને આંખના ખુણેથી સરી પડતાં આંસુને સાચવીને સરાવી દીધાં અને દુર આકાશમાં જોયું તો કાળુ ધુમ્મસવાળું વાદળું ધીરે ધીરે સુરજ પરથી હટી ગયું અને એકદમ સરસ ઉઘાડ સાથે ચમકતો સુર્ય એમની તરફ જોઈ હસી રહ્યો હતો!

હવે બસ વેઈટીંગ લીસ્ટમાં ગૌતમભાઈનો જ નંબર હતો એમની આગળનાં પેલા દિવસે મળી ગયેલા આલ્કોહોલીક પેશંટને લીવર ડોનર મળી ગયો હતો! પણ અચાનક એમની તબિયત ફરીથી બગડી અને ઘણા વખતથી ક્ષીણ થઈ ગયેલું શરીર આ વખતના હુમલાને ઝઝુમી ના શકયું અને આખી જીંદગી જે કોઈની રાહ જોઈ શકયાં નહતાં એ ગૌતમભાઈ લીવર ટ્રાન્સપ્લાન્ટ માટેના વેઈટીંગ લીસ્ટમાં રાહ જોતા જોતા મોડાં પડી ગયાં અને એમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું,આશકાએ એ જ ઘડીએ મન મકકમ કરી લીધું અને ભીની આંખમાં અડગ નિશ્ચય સાથે એની મમ્મીને કહ્યું'મમ્મી જરાય ચીંતા ના કરતી હું તારા પડખેને પડખે જ ઉભી રહીશ અને પપ્પાની છેલ્લી ઈચ્છાને આકાશ પાતાળ એક કરીને પુર્ણ કરીશ!' અને દોડીને બાથરૂમમાં ડુસકાં ભરતી ભરતી જતી રહી!

એ જ આશકા જે એના પપ્પાની મરણપથારીએ એની માતાને જરાય ગભરાયા વગર આશ્વાસન આપતી હતી તેણે ખરેખર એની માતાને આપેલું વચન નિભાવી જાણ્યું અને આજે એને જયારે સાઈકયાટ્રીમાં એડમીશન મળી ગયું હતું ત્યારે રેસીડન્સીમાં જતાં પહેલા મળવા આવી હતી. ડો. પટેલ આજે મેં મારા પપ્પાની આખરી ઈચ્છાને પુરી કરી એટલે અંદરથી તો હું બહુ જ ખુશ છુ પણ આજે પપ્પા મને ખુબ જ યાદ આવે છે! પપ્પા ભલે જીવનભર અમારા સહુ પર ખુબ જ કઠોર રહ્યાં પણ એમનાં એ વલણે જ મારાં દિલમાં એક ના બુઝાય એવો દાવાનળ ભરી દીધો અને તેની આગમાં શેકાઈ શેકાઈને જ આટલે સુધી આવવાની હિમ્મત જુટાવી શકી છું અને તેથી જ પપ્પા આમ અધવચ્ચે જ અમને છોડીને ચાલ્યાં ગયાં તોયે જરાય ઢીલી નહોતી પડી! પણ આજે પપ્પાનું એ વાતવાતમાં લડવાનું ખુબ જ યાદ આવે છે અને મે તો એ વઢમાંથી ડગલે ને પગલે એમની અમારા પ્રત્યેની એક અદમ્ય લાગણી ગણીને એક પીતાએ દીકરીને આપેલા મહામુલ્યા આર્શિવાદ જ ગણ્યાં છે! દુનીયામાં બધા કઈ સરખી રીતે થોડાં લાગણી પ્રદર્શિત કરે છે? પણ

zazi.com

By Mittal Patel “Mit”

આજે ડો. પટેલ મારા પપ્પાની એ અમને વહાલ કરવાની અનોખી રીત બ જ યાદ આવે છે અને સાવ એકલું લાગે છે! કહેતાં કહેતાં ભાંગી પડી અને મારાં ખભે માથું નાખીને ભાંગી પડી અને આજે મેં એનાં વાંસાં પર હેતથી હાથ ફેરવતાં ખુબ મોકળા મને રડી લેવા દીધી!